મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૬૫ ટકા
ગાંધીનગર તાપમાન

વાતવાતમાં

● ગાંધીનગરના સેક્ટર-૧૧માં બપોરના સુમારે એક કાર સાથે સ્કૂટર સવારની ટક્કર થવા પામી હતી. સદ્‌ભાગ્યે આ ટક્કરમાં કોઈને ઈજા નહોતી પહોંચી પરંતુ તુ તુ મેં મેં ઓથી બોલાચાલીએ થોડીકવાર માટે ટ્રાફિક જામ કર્યો હતો.

● શહેરમાં શિયાળાની મૌસમમાં ચટાકેદાર વાનગીના રસિયાઓ દ્વારા તુવેર ટોઢા અને હળદળિયાંની પાર્ટીઓનો દૌર ચલાવાઈ રહ્યો છે. શહેરમાં ચૂંટણીઓના પ્રચારની મૌસમ પણ જામી હોવાથી આ શોખીનોને પાર્ટીની વ્યવસ્થા પણ કરવામાં રાજકીય પક્ષોની મદદ મળવાને કારણે સરળતા અનુભવાઈ રહી છે.

મારામારીની બે વિચિત્ર ઘટનાઓ

ધોકો ફેંક્યો કુતરા ઉપર ને વાગ્યો પાછળ ઉભેલી મહિલાને..!

બર્થ ડે પાર્ટીમાં ભેગા થયેલા મિત્રો લાઈટ બંધ થઈ જતાં દુશ્મન બની ગયા..! : બંને બનાવો અંગે પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર આસપાસના બે અલગ અલગ ગામોમાં મારામારીની બે વિચિત્ર ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાવા પામી છે. અડાલજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદમાં દંતાલી ગામના એક ભાઈ રખડતા કુતરાને ધોકો મારવા ગયા..! કુતરૂ અચાનક ખસી ગયુ ને ફેંકેલો ધોકો કુતરાની પાછળ ઉભેલી એક મહિલાને વાગી જતા બબાલ થઈ ગઈ હતી..! તો બીજી તરફ મેદરા ગામમાં બર્થ ડે પાર્ટીમાં ભેગા થયેલા મિત્રો પાર્ટી કરીને ધિંગા મસ્તી કરતા હતા દરમ્યાન એક મિત્રનું જેકેટ વિજવાયરને અડકી જતા લાઈટ જતી રહી. આ મામલે મિત્રો જ દુશ્મન બની ગયા અને ધોકા ઉછળ્યા હતા. આ મામલે ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

અડાલજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરીયાદ મુજબ દંતાલી ગામમાં અરૂણભાઈ ગાંડાભાઈ દંતાલી ગઈકાલે શેરીમાં આવેલા એક કુતરાને ભગાડવા કુતરા ઉપર ધોકો ફેંક્યો..! તે સમયે કુતરૂ ખસી ગયુ ને પાછળ ઉભેલા તારાબેન ઈશ્વરભાઈ દંતાણીને ધોકો વાગી જતા મામલો બિચક્યો હતો. આ મામલે અડાલજ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ મેદરા ગામમાં શનાજી ઠાકોરના ફાર્મમાં સંજયજી બુદાજી ઠાકોરની બર્થડે પાર્ટીનું ગઈ રાત્રે આયોજન થયુ હતુ. ફાર્મમાં રાત્રે ધીંગામસ્તી ચાલતી હતી.

દરમ્યાન પાર્ટીમાં આમંત્રીત મિત્ર મુકેશ પ્રવિણભાઈ ઠાકોરનું જેકેટ વાયરને અડી જતા લાઈટ ડુલ થઈ જવા પામી હતી. આ નજીવી બાબતે બીજા આમંત્રીત મિત્રો મનીષ અમાજી ઠાકોર અને સાહીલ રણછોડજી ઠાકોર અકળાઈ ગયા હતા. બોલાચાલી બાદ મનીષે મુકેશને ધોકો મારી દીધો અને શાહીલે લાફા ઝીંકીને મારી નાંખવાની ધમકી આપતા દુશ્મન બની ગયેલા મિત્રો સામે પોલીસ ફરીયાદ નોંધાવા પામી છે.

મહાદેવ પરિવારના મિત્રોનું ગરમ વસ્ત્રોનુ વિતરણ કાર્ય

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર સહિત જિલ્લાના કેટલાક વિસ્તારોમાં યુવા મિત્રોના ગૃપ મહાદેવ પરિવાર દ્વારા ઝુંપડપટ્ટીમાં વસતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોને શિયાળાની કડકડતી ઠંડીથી બચવા ગરમ વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહાદેવ પરિવાર દ્વારા આ સદ્‌કાર્ય છેલ્લા ત્રણેક

વર્ષથી કરવામાં આવે છે.

શિયાળાની ઋતુ ચાલી રહી છે અને ઓખી વાવાઝોડાની અસરથી વરસેલા વરસાદ પછી વાતાવરણમાં ઠંડીનું પ્રમાણ વધી જતા ઝુંપડપટ્ટીમાં વસતા જરૂરિયાતમંદ વર્ગના ગરીબ નાગરિકોના પરિવારોની હાલત કફોડી થવા પામી રહી છે. આ પરિસ્થિતિમાં શહેરના સેવાભાવી યુવાનો દ્વારા આશરે રૂ. ૧૫ હજારથી વધુના સ્વેટર્સ, જેકેટ્સ સહિતના ગરમ વસ્ત્રોનું વિતરણ કર્યુ હતુ. આ વિતરણના સદ્‌કાર્ય મહાદેવ પરિવારથી ઓળખાતા મિત્રોના ગૃપ દ્વારા કરાયુ હતુ. જેમાં ધ્વનિત પંડ્યા, રવિ રાવલ, દેવેન્દ્ર પંડ્યા અને બલવંત પરમાર સહિતના અન્ય મિત્રો જોડાયા હતા.

@ગાંધીનગર

● સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગર દ્વારા રજય જયંતિ સમિતિ સાંસ્કૃતિક કાર્યક્રમ બપોરે ૨.૩૦ કલાકે ખીમજી વિસરામ હોલ કડી કેમ્પસ, સેકટર-૨૩ ખાતે યોજાશે.

● ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા ચૂંટણી કાવ્યોની પ્રસ્તુતિ સાંજે ૫ વાગે નમન એપાર્ટમેન્ટ સેકટર-૨૧ ખાતે યોજાશે.

● વૈષ્ણવ સમાજ દ્વારા વચનામૃત અને પ્રશ્નોત્તરી કાર્યક્રમ સાંજે ૪ કલાકે ગોવર્ધન હવેલી ખાતે સેકટર-૨૧ ખાતે યોજાશે.

● રાજ રાજેશ્વરી ઈન્દ્રાણી માતાજીના મંદિરની શિખર પ્રતિષ્ઠા અંતર્ગત સવારે ૯.૧૫ કલાકે યજ્ઞ અને બપોરે ૧૫ કલાકે ભોજન સમારંભની સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે. અને રાત્રે ૮ કલાકે લોક ડાયરો યોજાશે.

માઉન્ટ કાર્મેલ હાઈસ્કુલના પ્રાથમિક વિભાગનો વાર્ષિક સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૯

સેક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કૂલનાં પ્રાથમિક વિભાગનો તા.૯/૧૨/૨૦૧૭ શનિવારના રોજ વાર્ષિક સમારોહ ખૂબ જ દબદબાપૂર્વક ઉજવાય ગયો. આ કાર્યક્રમના મુખ્યમહેમાન નાયબ શિક્ષણ નિયામક પ્રાથમિક શાળાઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગર એમ. કે. રાવલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્ષ આંતરરાષ્ટ્રીય પ્રવાસ વર્ષ તરીકે ઉજવાય રહ્યું છે.તેના અનુસંધાનમાં કાર્યક્રમની થીમ 'Life is a Journey' રાખવામાં આવી. ધો. ૧ થી ૫ ના બાળકોએ અલગ અલગ દેશના ડાન્સ રજૂ કરી સર્વને મંત્રમુગ્ધ કરી દીધાં. એપોસ્ટોલિક કાર્મેલ મંડળની સ્થાપનાના ૧૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે બાળકોએ નાટિકા રજૂ કરી સર્વના દિલ જીતી લીધાં. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી.એમ.કે.રાવલે પોતાના પ્રસંગોચિત પ્રવચનમાં જણાવ્યું કે પ્રાર્થના અને સેવા એ એક જ સિક્કાની બે બાજુ જેવા છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે ખામી ન જોતા ખૂબી જોવાની તથા ટીકા ન કરતા ટેકો આપવા પર પ્રાધાન્ય મુકવું સાથે સાથે બાળકોનું વ્યક્તિઘડતર માટે માત્ર વર્ગખંડ નહીં પણ સ્ટેજ પણ એટલું જ આવશ્યક છે.

શાળાના આચાર્યા સિસ્ટર રેણુકાએ પડદા પાછળ રહીને સતત માર્ગદર્શન પૂરું પાડ્યું. શિક્ષકો અને વિદ્યાર્થીઓની અથાગ મહેનતથી વાર્ષિકોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો.

માહી કોમર્સ ઝોનના વિદ્યાર્થીઓ દ્વારા પંડિત દિનદયાળ યુનિવર્સિટી(PDPU)ની શૈક્ષણિક મુલાકાત

ગાંધીનગર, તા.૯

તા.૮મી ઓગસ્ટ, ૨૦૧૭ માહી કોમર્સ ઝોનના વિદ્યાર્થીઓ દ્વારા પંડિત દિન દયાળ યુનિવર્સિટી(PDPU)ની શૈક્ષણિક મૂલાકાત લેવામાં આવી જેમાં B.com, B.B.A, B.A જેવા લિબરલ સ્ટડી કોર્ષ ઉપલબ્ધ કરવામાં આવે છે જેની માહીતી બહુ ઓછા લોકોને હોય છે. ઉપરાંત ત્યાં અભ્યાસ કર્યા પછી પાંચમાં સેમીસ્ટરમાં મૂખ્ય તથા ગૌણ વિષય પસંદ કરવા માટેની તક મળે છે જે માટે આટલા બધા વિકલ્પો આપનારી ભારતની એકમાત્ર સંસ્થા છે.જેના મૂખ્ય સંચાલક મૂકેશ અંબાણી છે તદ્‌પરાંત ૩૧ યુનિવર્સિટી સાથે સંકળાયેલી છે તથા વિદેશના નિષ્ણાંત ફેકલ્ટી મહીનાઓભર કેમ્પસમાં જ રહે છે અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે છે તથા ઘણા બધા વિદ્યાર્થીઓનુ વિદેશમાં પણ યુનિવર્સિટી દ્વારા આદાન પ્રદાન પણ કરવામાં આવે છે. રિસર્ચ કરનાર વિદ્યાર્થીઓને લાખો રૂપિયા પ્રોત્સાહનરૂપે આપવામાં આવે છે તથા અભ્યાસ માટે સ્કોલરશીપ પણ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને વિગતવાર સંપૂર્ણ માહીતી નિગમસર, દવેસર, હેતલમેમ તથા અન્ય ફેકલ્ટી દ્વારા ખુબ જ સરસ રીતે માર્ગદર્શન આપ્યુ તથા વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ સહજતાથી આપ્યા તથા સંપૂર્ણ કેમ્પસ વિશે અભ્યાસ કરતા કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કેમ્પસની વિઝીટ કરાવવામાં આવી.

ઈન્દ્રોડામાં ત્રિ-દિવસીય ઈન્દ્રાણી માતાજીનો પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૯

શ્રી રાજેશ્વરી ઈન્દ્રાણી માતાજીના મંદિરનો શિખર પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૦મી ડિસેમ્બરના રોજ યજ્ઞ પ્રારંભ સવારે થશે. રાત્રે લોક ડાયરો યોજાશે. દિવસ દરમિયાન

દેવતાઓનું પૂજન, મંડપ પ્રવેશ, કુટીર હોમ- ધજા આરોહણ, સાંય પૂજા આરતી યોજાશે.

બીજા દિવસે તા. ૧૧મી ડિસેમ્બરના રોજ જયયાત્રા, શોભાયાત્રા, વાસ્તુપૂજન, હોમ અર્ચન વિધિ, સાંયપુજા આરતી યોજાશે. તૃતીય દિવસે દેવતાઓનું પૂજન, જલાધિવાસ, મહાસ્તવન, શિખર અભિષેક, મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા તથા પધરામણી તથા શ્રીફળ હોમાશે. આ પ્રસંગે ઋષિકેશ આશ્રમ હરિદ્વારના ૧૦૦૮ મહામંડલેશ્વર રામશરણ ગિરીજી, દોળેશ્વર મહાદેવના પૂ. મહંત રામસ્વરુપ પુરીજી મહારાજ, ટીટોંડાના લખીરામજી લાલદાસજી મહારાજ, ચમનપુરીજી મહારાજ, નારદીપુર, વિષ્ણુપુરીજી મહારાજ, અશોકદાસ મનહર દાસ મહારાજ ઉપસ્થિત રહી આર્શીવચન આપશે.

બી.પી.કૉલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન બીબીએ દ્વારા રાજ્ય કક્ષાના 'આયના- મેગ્નેટ' એન્ટરપેન્યોર ફીયેસ્ટા કાર્યક્રમની તડામાર તૈયારીઓ

વિદ્યાર્થીઓ 'એન્ટરપેન્યોર ફીયેસ્ટા'ના નવતર અભિગમથી ખુબ ઉત્સાહિત

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમા આવેલ બી.પી.કૉલેજ ઓફ બિજનેસ ઍડમીનીસ્ટ્રેશન દ્વારા સતત ૧૮ વર્ષથી 'આયના' સાંસ્કૃતીક કાર્યક્રમ નું ખુબજ સફળતા પૂર્વક આયોજન કરવામાં આવી રહ્યુ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ કોલેજ તા.૧૧,૧૨ અને ૧૩ ડીસેમ્બર ના રોજ ઉપરોક્ત કાર્યક્રમ નું આયોજન કરી રહી છે. સંસ્થાનો સમગ્ર કાર્યક્રમ થીમ આધારિત છે. જેમાં આ વર્ષની થીમ ''જિંદગી ના રંગ'' સંસ્થા દ્વારા નક્કી કરવા માં આવી છે. જેને અનુરૂપ સમગ્ર કાર્યક્રમ નું આયોજન થશે.

આ વર્ષના સમગ્ર કાર્યક્રમ માટે ઓવર ઓલ ઈન્ચાર્જ ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવા વ્યક્તિગત મળી તૈયાર કરવામાં આવી રહ્યા છે. એન્ટરપેન્યોર ફીયેસ્ટા એ ''આયના-મેગ્નેટ''ની સાથે નવા અભિગમ સાથે ગત વર્ષથી કોલેજ દ્વારા શરુ કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાથીઓ દ્વારા પોતે બનાવેલ ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સ ને કોલેજ સ્પર્ધાના ભાગ રૂપે ત્રણ દિવસ માર્કેટ ઉપલબ્ધ કરશે. અને યોગ્યતાને આધારે વિદ્યાર્થીઓને તેમાં ક્રમ આપવામાં આવશે. જેને વિદ્યાર્થીઓ દ્વારા ખુબ બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે.

બીબીએ કૉલેજ દર વર્ષે વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓને બહાર લાવવાની તક વિદ્યાર્થીઓ ને પ્રાપ્ત થાય તે ઉદેશ્યથી રાજ્ય કક્ષાનાં ''આયના-મેગ્નેટ'' તેમજ ''એન્ટરપેન્યોર ફીયેસ્ટા'' કાર્યક્રમ નું આયોજન કરે છે. જેનાથી તેમનો સર્વાંગી વિકાસ થાય સાથે સાથે તેમનામાં પડેલી આંતરિક શક્તિઓ ને ખિલવવા માટેનું એક પ્લેટફૉર્મ વિદ્યાર્થીઓ ને પૂરુ પાડી શકાય. સંસ્થા દ્વારા મેગ્નેટ મેનેજમેન્ટ એગ્ઝીબિશન નું આયોજન કરવામાં અવી રહ્યું છે. જેમા પણ કૉલેજ નાં વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ ઉત્સાહ પૂર્વક ભાગ લેવા માટે તૈયારીઓ ચાલી રહી છે. જેમા વિદ્યાર્થીઓ દ્વારા પ્રોજેક્ટ બનાવવામાં આવી રહ્યા છે. તેમજ છેલ્લા બે વર્ષથી વિદ્યાર્થીઓ માં ઉધોગ સાહસિકતા તેમજ બિજનેસ માટે પ્રેક્ટીકલ અભિગમ સાથે એન્ટર પેન્યોર ફીયેસ્તાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓને પોતે વિવિધ ચીજવસ્તુઓ બનવવા ની તેમજ વેચવાની તેના માટે ના રોકાણ તેમાંથી નફો મેળવવાની કળા તેમજ આવા તમામ મેનેજમેન્ટ ના ગુણ શીખવા નો મોકો મળે. વિદ્યાર્થીઓ એ ખુબ ઉત્સાહ પૂર્વક આ સ્પર્ધાઓ માં ભાગ લઈ રહ્યા છે. સંસ્થાનો અભિગમ કોલેજની સાથેસાથે શાળાના વિદ્યાર્થીઓ પણ ઉપરોક્ત તમામ સ્પર્ધાઓ માં મહારથ મેળવે તેવો છે. માટે શાળા ના વિદ્યાર્થીઓને પણ તમામ સ્પર્ધાઓ માં ભાગ લેવા માટે તક આપવા માં આવે છે.

કાર્યક્રમની સફળતા માટે છેલ્લા ૧૫ દિવસથી વિદ્યાર્થીઓ પોત પોતાના ના કાર્યમાં લાગી ગયા છે. અભ્યાસની સાથેસાથે કૉલેજમાં અભ્યાસ સમય બાદ દરરોજ બે થી ત્રણ કલાક રોકાઈ અધ્યાપક ગણ તેમજ બિનશૈક્ષણીક સ્ટાફની મદદથી કાર્યક્રમને સફળ બનાવવા કાર્ય કરી રહ્યા છે. કૉલેજ પાસે અનુભવી અધ્યાપકોની ટીમ છે. જેમના અનુભવનો લાભ વિદ્યાર્થીઓ ને વિવિધ સ્તરે તૈયારીઓ માં મળે છે. અધ્યાપક ગણ ના માર્ગદશન હેઠળ સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ દ્વારાજ સંચાલિત થાય છે. જેથી તેઓ માં મેનેજમેન્ટના સિદ્ધાંતોને પ્રાયોગિક રીતે અમલમાં મૂકી શકે સમગ્ર રાજ્ય માંથી શાળાઓ નાં વિદ્યાર્થીઓ જુદી-જુદી સ્પર્ધા માં ભાગ લેવા જઈ રહ્યા છે. તેમજ શાળાઓ નાં આચાર્યશ્રીઓ તેમજ સમગ્ર રાજ્યની વિવિધ શાળાનાં શીક્ષકો પણ અત્રે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ નો ઉત્સાહ વધારશે. સમગ્ર કાર્યક્રમ માં કૉલેજના સેમેસ્ટર ૨,૪ અને ૬ ના કુલ ૩૫૦ વિદ્યાર્થીઓ. વિવિધ કમિટિ માં રહી કાર્ય કરી રહ્યા છે. તેમજ કૉલેજનાં ૧૫૦ વિદ્યાર્થીઓએ જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લીધો છે.જેનાથી વિદ્યાર્થીઓ ને ઈવેંટ મેનેજમેન્ટ નાં વિવિધ પાસાઓ શીખવાનો મોકો મળશે. સમગ્ર ઈવેંટ માં શાળા નાં વિદ્યાર્થીઓ ને આમંત્રણ આપવા થી લઈ સંપૂર્ણ ઈવેંટ નું સંચાલન કરવા નો મોકો વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો છે.

ગુજરાતની આ એક માત્ર અંડર ગ્રેજુયેટ કૉલેજ છે. જ્યા ૧૯૯૯ થી એકેડેમીક કમ સાંસ્કૃતીક ઈવેંટ નો ટ્રેંડ સેટ કરવામાં આવ્યો છે. સાંપ્રત સમયમાં અન્ય કૉલેજ દ્વારા આવા કાર્યક્રમ ની શરૂઆત થઈ રહી છે. જે આવકારદાયક છે. પરંતુ ૧૭ વર્ષ સુધી સાતાત્ય પૂર્ણ તેમજ સફળતા પૂર્વક રાજ્યકક્ષા નાં કાર્યક્રમનું આયોજન કરવુ તે પાત્રીય અભિનય, ગ્રૂપ ડાન્સ, વક્તુત્વ સ્પર્ધા,સોલો ડાન્સ, પોસ્ટર મેકિંગ , વન મિનીટ ગેમ, જનરલ નૉલેજ ક્વિજ, સિંગિંગ તેમજ મંહેદી, રંગોળી જેવી સ્પર્ધાઓ આયોજીત થઈ હતી જેમા શાળા લેવલે તમામ સ્પર્ધામાં પ્રથમ તેમજ દ્વિતીય ક્રમના વિદ્યાર્થીઓ ને ટ્રોફી તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. જયારે કૉલેજ નાં વિદ્યાર્થીઓ ને પણ પ્રથમ તેમજ દ્વિતીય વિજેતા સ્પર્ધકો ને ટ્રોફી એનાયત કરવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમ નું આયોજન કૉલેજ નાં આચાર્ય ડૉ.રમાકાન્ત પ્રસ્ટી,ઑવર ઑલ ઈંચાર્જ ડૉ. જયેશતન્ના તેમજ ×આયના× ઈવેંટ ઈંચાર્જ ડૉ.નીરવ જોશી ,મેગ્નેટ ઈવેંટ ઈંચાર્જ પ્રો.અમિતા પ્રજાપતિ, એન્ટરપેન્યોર ફીયેસ્ટા ઈન્ચાર્જ ડો.આશિષ ભુવા અને સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા સફળતાપુર્વક આયોજિત થઈ રહ્યું છે.

આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિને શપથ લેવતાવડા રાજયપાલ

ગાંધીનગર, તા.૯

આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિનની ઊજવણી નિમિત્તે રાજયપાલ ઓ.પી. કોહલીજીએ રાજભવનના અધિકારીઓ, કર્મચારીઓને માનવ અધિકારોના જતન અને સંવર્ધન માટે શપથ લેવડાવ્યા હતા.

રોટરેક્ટ કબલ દ્વારા ૨૩મીએ 'શક્તિ' ઈવેન્ટ યોજવામાં આવશે

ગાંધીનગર, તા.૯

રોટરેક્ટ કબલ ઑફ ગાંધીનગર (રોટલી કબલની યુવા વિંગ) દ્વારા સ્ત્રી સશક્તિકરણ વિષય પર ફક્ત ૩૦ વર્ષ કરતા વધુ ઉંમર ધરાવતી બહેનો માટે 'શક્તિ' ઈવેન્ટનું આયોજન - તા.૨૩મી ડીસેમ્બર, ૨૦૧૭ના રોજ વી.પી.એમ.પી પોલિટેકનિક, એલ.ડી.આર.પી.,આઈ.ટી.આર. કેમ્પસ, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે સવારે ૯.૦૦ કલાકેથી સાંજના ૫.૩૦ કલાક દરમિયાન રાખવા આવેલ છે.

આ પ્રસંગે વિવિધ ક્ષેત્રની પ્રતિષ્ઠિત મહાનુભાવો સર્વશ્રી કૃષ્ણકાન્ત જહા, રૂજાન ખંભાતા, ડૉ. નિષા ગોસ્વામી, રતિલાલ બોરીસાગર, રાજેષ પ્રણામી, હિમાંશુ બૂચ સાથે સંવાદનું આયોજન રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા માગતી બહેનોએ વહેલા તે પહેલાના ધોરણે રૂા. ૧૨૦/- (જમવા અને ચા નાસ્તા સાથે) ભરી ફોર્મ રોટરી કલબના ફીઝીયોથેરાપી સેન્ટર, પંચદેવમંદિર પાસે સેકટર-૨૨, ગાંધીનગરથી મેળવી લઈ સવારે ૮ થી ૧૧ અને સાંજે ૪.૩૦ થી ૭.૩૦ દરમિયાન ફી સાથે આવી પોતાનો રજિસ્ટર નંબર લઈ લેવો. આ ઉપરાંત 'ગાંધીનગર સમાચાર' માં પણ ફોર્મ છપાસે તે ભરીને ઉપરના સ્થળે આપી શકાશે.

વધુ માહિતી માટે પ્રણવ શુક્લ, મો. ૯૮૮૩૦૬૩૪૩૧, પ્રથમ પરીખ મો. ૮૧૪૦૭૬૧૬૩૩, સ્વાધીન ગુર્જર મો. ૮૮૬૬૮૬૨૫૩૮નો સંપર્ક સાધવો.

ચિરવિદાય

● સ્વ. ઠાકોર ચંદુજી ઠાકોર, ઉ.વ.૩૩

● શાહ જયાબેન બાબુભાઈ, ઉ.વ. ૯૫